# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૪૨૭ ઓરડાઓની ઘટ છે

**બે વર્ષમાં ૧૪ શાળા બંધ કરાઈ : ૮ શાળાઓ મર્જ કરવામાં આવી : ગંગા સ્વરૂપા આર્થિક સહાયના જિલ્લામાં ૩૪૦૭૦ લાભાર્થી છે : બે વર્ષમાં આ યોજના માટે ૫૭ ફરિયાદો તંત્રને મળી છે : મહિલા બાળ કલ્યાણમંત્રી, નાગરિક પુરવઠાના દરોડામાં રૂ. ૧૧ લાખથી વધુ કિંમતનો જથ્થો રાજ્યસાત કરાયો છે**

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે શિક્ષણ, વન-પર્યાવરણ, આદિજાતિ વિકાસ અને મહિલા બાળ કલ્યાણ વિભાગને લઈ પ્રશ્નોત્તરી હતી. આજની પ્રશ્નોત્તરીમાં ગાંધીનગર જિલ્લાને લગતા ૧૩ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

● **સામુહિક વનનિર્માણ**

દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે દહેગામ તાલુકામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ સામુહિક વન નિર્માણ યોજના અંતર્ગત વાવણી કરાયેલ રોપાઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬૩,૨૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

૨૦૨૦-૨૧ના વર્ષમાં ૩૩,૨૦૦ અને ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૩૦,૦૦૦ રોપાઓની વાવણી કરવામાં આવી છે. તેમાં મુખ્યત્વે લીમડા, પ્લેટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલી, નીલગીરી અને દેશી બાવળ જેવા રોપાઓનો સમાવેશ થાય છે.

આ રોપાઓના વાવેતર પાછળ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૪૪.૦૨ લાખ અને ૨૧-૨૨ના વર્ષમાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ રૂ. ૩૨.૭૩ મળી રૂ. ૭૬.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **શાળાઓ મર્જ કરવા બાબત**

કોંગીના ગ્યાસુદ્દીન શેખના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં કોઈ સરકારી માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળા બંધ કે મર્જ કરવામાં આવેલ નથી.

ગાંધીનગર જિલ્લામાં ૧૦ પ્રાથમિક શાળાઓ મર્જ કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેરની બે અને ચાર તાલુકાની ૨-૨ શાળાઓનો સમાવેશ થાય છે. સરકારી પ્રા. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના કારણે બાળકોના શૈક્ષણિક હિતોને ધ્યાને રાખીને આ શાળાઓ મર્જ કરવામાં આવી છે.

● **શાળાઓના ઓરડાની ઘટ**

કોંગીના માણસાના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓમાં ઓરડાઓની ઘટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૪૨૭ ઓરડાઓની ઘટ છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯-૨૦માં ૨૩ નવા ઓરડાઓ અને ૨૦૨૦-૨૧માં ૧૨૮ નવા ઓરડા બનાવવામાં આવ્યા છે. આગામી વર્ષમાં તબક્કાવાર બીજા ઓરડાઓનું નિર્માણકાર્ય હાથ ધરવામાં આવશે.

● **બંધ કરાયેલ શાળા અને મર્જ કરાયેલ શાળા**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં બંધ કરેલ અને મર્જ કરેલ શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ગાંધીનગર તાલુકામાં ૩, કલોલમાં ૧, માણસામાં ૨, દહેગામમાં ૧ એમ ૭ પ્રા. શાળાઓ બંધ કરવામાં આવી હતી જ્યારે દહેગામની ૧ શાળા મર્જ કરવામાં આવી હતી.

૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ગાંધીનગર તાલુકામાં ૬ અને કલોલમાં ૧ એમ ૭ શાળા બંધ કરવામાં આવી છે. જ્યારે ગાંધીનગર, કલોલ, માણસા, દહેગામની બે-બે શાળા મર્જ કરવામાં આવી છે.

શાળાઓ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાના કારણે અને શાળા મંડળની શાળા બંધ કરવાની દરખાસ્તને પગલે આ નિર્ણય લેવામાં આવ્યા છે.

● **પ્રા. શાળાઓમાં સુવિધા**

પાલનપુરના મહેશભાઈ પટેલે ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ખુટતી સુવિધાઓને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે બનાસકાંઠામાં ૬૭૭ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલની સુવિધા નથી.

ગાંધીનગર જિલ્લામાં ૬૧ સરકારી શાળા અને ૧૪ ખાનગી શાળાઓ મળી ૭૫ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગટર લાઈનના ૨ હજાર ઢાંકણો નવા નાંખવામાં આવશે

**સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે ગટર લાઇનનુ નવુ નેટવર્ક ઉભુ કરવા માટે કામગીરી શરૂ : સેક્ટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો પણ આગામી સમયમાં અંત આવશે**

ગાંધીનગર તા ૭

સ્માર્ટ સીટી તરીકે ઉભરતા ગાંધીનગરના સેકટરોમાં વારંવાર



ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરોમાં પથરાયેલી ચાર દાયકાથી પણ જુની ગટર લાઈન હવે સેકટરોની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી જેને અનુલક્ષી મોટા ડાયામીટરની નવી લાઈન નાંખવા સહીત સેકટરોમાં સમગ્ર ગટર લાઈનનુ નવુ નેટવર્ક ઉભુ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સેકટરોમાં માર્ગોના લેવલીંગના અભાવે ગટર લાઈનના ઢાંકણો પણ નીચે દબાઈ ગયા છે. જેના લીધે તુટેલા અને દબાયેલા ગટરના ઢાંકણોના લીધે નવી સમસ્યા ઉભી થાય છે. આ પ્રોજેકટ અન્વયે તમામ સેકટરોમાં નવા ઢાંકણો નાંખવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. સે-૧થી ૩૦ માં અંદાજિત ૨ હજાર નવા ઢાંકણો નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવાની સાથે સેકટરોમાં નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે પાણીની લાઈન ઉપરાંત ગટર લાઈન પણ દાયકાઓ જુની છે. જેના લીધે હાલ સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતા અનેકવાર સ્થાનિકો આક્રોશ ઠાલવે છે. આ સ્થિતિને ધ્યાને લઈ ગટર લાઈનનુ આખુ નવુ નેટવર્ક ઉભુ કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે અંદાજિત રૂ ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સેકટરોમાં પણ માર્ગોનુ લેવલ ઉંચુ થતા ભુર્ગભ ગટરના ઢાંકણો નવા નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૧ થી ૩૦ માં નવા ઢાંકણો નાંખવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ચેમ્બરોના ઢાંકણો અને ફીટીંગ બદલવા માટે સે-૩૦ થી કામ શરૂ કરી દેવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શ્રમિક મહિલાઓના હક્ક વિશે કંઈક કરીએ એજ મહિલા દિનની ઉજવણી

સમાજનો અર્ધો હિસ્સો હોવા છતાં ભારતીય મહિલાઓએ હંમેશા તેમના હક અને હિસ્સા માટે ઝઝૂમવુ પડ્યુ છે. પુરૂષ સમોવડી હોવાના દાવાઓ વચ્ચે આજે પણ મહિલાઓને દરરોજ અત્યાચારો સહન કરવા પડે છે. ઘરેલુ હિંસાના અઢળક બનાવો આપણી આસપાસ જ બને છે. રૂઢીગત કહેવાતો સમાજ મહિલાઓને ઘર સંભાળવાની જવાબદારી નીભાવવાનું કહે છે પરંતુ આપણી આસપાસ નજર કરશુ તો એ પણ જોવા-જાણવા મળશે તે શિક્ષિત મહિલાઓ તો પોતાનુ કેરીયર બનાવે છે પરંતુ નિરક્ષર કે અર્ધશિક્ષિત મહિલાઓ કદાચ સદીઓથી આર્થિક ઉપાર્જનમાં પુરૂષોની લગોલગ ઉભી રહે છે. વહેલી સવારે ટીફીન બનાવીને દાઢીએ નીકળી જતી મહિલાઓ અનેક વિકટ પરિસ્થિતિઓમાં ઘર તો ચલાવે જ સાથે જ સંતાનોનો ઉછેર પણ કરે છે. પુરૂષ જેટલી જ મહેનત અને મજૂરી કરતી હોવા છતાં તેમને પુરૂષ કામદારો કરતાં ઓછુ વેતન મળે છે. મહિલા દિને આપણે જાતભાતના કાર્યક્રમો યોજીને મહિલાઓને સન્માન આપ્યાનો દાવો કરીએ છીએ પરંતુ આવી શ્રમિક મહિલાઓના હક વિશે આપણે કદાચ કંઈ જ કરી શકતા નથી. આવી મહિલાઓને તેમનો હક મળશે અને તેમનુ સન્માન થશે ત્યારે મહિલા દિનની ઉજવણી સાર્થક ગણાશે.



# ઉનાળામાં સેકટરોમાં પાણી ફોર્સથી આવશે

**સે-૫ અને સરીતા ટાંકીને અનુલક્ષી નવા પમ્પ નાંખવાની કામગીરી શરૂ : હાલના પમ્પીંગ મશીનરી એક થી બે દાયકા જુની છે બન્ને ઠેકાણે કુલ ૬ નવા પમ્પ નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધુ થાય છે જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો કકળાટ ન ઉદભવે તે માટે તંત્રએ સપ્લાય માટેની મશીનરીને અનુલક્ષીને પણ જરૂરી કામગીરી હાથ ધરી છે. સે-૫ અને સરીતા ટાંકીને અનુલક્ષી ગરમીના દિવસોમાં કોઈ ક્ષતિ ન ઉદભવે તે માટે બન્ને પમ્પીંગ સ્ટેશન પર કુલ નવા ૬ પમ્પ નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જેનાથી ગરમીના દિવસોમાં પાણી ફોર્સથી આવશે આ બન્ને ઠેકાણે સપ્લાયમાં ઉપયોગી પાણીના પમ્પ એક થી બે દાયકા જુના છે. જેના લીધે વારંવાર ક્ષતિ ઉદભવતા પાણીનો સપ્લાય પ્રભાવિત થાય છે. જયારે આકરી ગરમીના દિવસો પુર્વે પમ્પનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે જેથી આગામી દિવસોમાં સેકટરોમાં પાણીની પોકાર સંભળાશે નહી તેમ પણ મનાઈ રહ્યુ છે.



ગાંધીનગરમાં આકરા ઉનાળામાં પાણીની પોકાર ન ઉઠવા પામે તે માટે તંત્રએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલો સપ્લાય આપવામાં આવે છે. નર્મદાના પાણી ઉપરાંત સેકટરોમાં કાર્યરત બોરમાંથી પણ પાણી સપ્લાય કરવામાં આવે છે. શહેરના સેકટરોમાં છેલ્લા એક દાયકાથી પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે ચરેડી અને સરીતા ઉપરાંત સે-૫ ની પાણીની ટાંકીના આધારે સેકટરોમાં પાણી વિતરણ કરવામાં આવે છે. પમ્પીંગ મશીનરીમાં કયારેક ક્ષતિ સર્જાતા પાણીનો સપ્લાય પ્રભાવિત થાય છે. તેમાંય આગ ઓકતી ગરમીના દિવસોમાં સામાન્ય રીતે પાણીનો વપરાશ વધી જાય ત્યારે પમ્પીંગ મશીનરીને લગતી સમસ્યાના લીધે પાણી પુરવઠાનો ફોર્સ પણ ઘટી જતો હોવાના અનેકવાર ફરિયાદો ઉઠવા પામી છે. આ ઉપરાંત દાયકાઓ જુની મશીનરી પણ પાણીના સપ્લાય મામલે ફરિયાદનુ કારણ બને છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં પાણીનો સપ્લાય ફોર્સથી થાય તે માટે સે-૫ અને સરીતા ઉદ્યાન પમ્પીંગ સ્ટેશન ખાતે નવા પમ્પ ઉતારવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં નવા પમ્પના લીધે પાણીનો સપ્લાય અને ફોર્સ પણ વધશે આ ઉપરાંત ગરમીના દિવસોમાં સેકટરોમાં પાણીની પોકાર પણ શાંત થશે જો કે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સમગ્ર શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે જે અંતર્ગત હાલ પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે હાલ આ બન્ને સ્ટેશન પર નવા પમ્પ નાંખવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં સરીતા અને સે-૫ માં હાલ પાણીના સપ્લાયને અનુલક્ષીને કુલ ૬ પમ્પ કાર્યરત છે. જો કે આ પમ્પ એક થી બે દાયકાથી વધુ સમય જુના છે. જેના લીધે તેમાં ઘણીવાર ખામી સર્જાય છે આવા સંજોગોમાં

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ શહેરમાં ૧૨૬ જેટલા કેસ ઝાડા-ઉલ્ટીના નોંધાયા

**કલોલ શહેર પાણીજન્ય રોગચાળાની ઝપેટમાં : ૮ માસના બાળકનું મોત : વોર્ડ નં. ૪ માં સૌથી વધુ અસર : ગટરલાઈનની સફાઈની કામગીરી નગરપાલિકાએ વેગીલી બનાવી : કોલેરાની શંકાને લઈ નવ દર્દીના ઝાડાના અને ૧૫ જેટલા પાણીના સેમ્પલો મેળવી તપાસ માટે મોકલાયા**

ગાંધીનગર, તા. ૭

કોરોના મહામારીમાંથી તંત્રને કળ વળી નથી ત્યાં આજે કલોલમાં ઝાડા-ઉલ્ટીના ૧૦૦થી વધુ કેસ નોંધાતા જિલ્લાનું આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયુ છે. આજે નોંધાયેલા કેસમાં ૮ માસના બાળકનું ઝાડાથી મોત થયાના અહેવાલો સામે આવ્યા છે.

ગઈકાલથી આમ તો ઝાડા-ઉલ્ટીના કેસો મળવાના શરૂ થયા હતા અને છુટા છવાયા કેસો આવ્યા હતા એટલે વસ્તીના પ્રમાણને ધ્યાને લેતાં તંત્રએ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યુ હતુ.

આજે સવારથી જ શહેરમાં આ કેસોની સંખ્યામાં સતત વધારો થતાં તાલુકા આરોગ્યતંત્રએ જિલ્લાનું ધ્યાન દોર્યુ હતુ અને તાબડતોબ જિલ્લા આરોગ્યના અધિકારીઓ કલોલ પહોંચ્યા હતા.

કલોલ શહેરના વિવિધ વિસ્તારોમાંથી આજે ૧૦૦થી વધુ કેસ ઝાડા-ઉલ્ટીના સામે આવ્યા હતા. શંકાસ્પદ કોલેરાના કેસો ગણી તંત્રએ નવ દર્દીના ઝાડાના નમુના અને ૧૫ જેટલા પાણીના નમુના મેળવી તપાસ માટે મોકલી આપ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં ઝાડા-ઉલ્ટીના કેસો જે સામે આવ્યા છે તેણે તંત્રએ ગંભીરતાથી લઈ અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ માટે ૨૦ જેટલી ટીમો પણ ઉતારી દીધી છે અને સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે.

શહેરમાં પાણીના લિકેજીસ સાંજ સુધી મળ્યા ન હોવાનું તેમજ ગટરો ઉભરાવાની સંખ્યાબંધ ફરિયાદો મળી હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨૪૮૭ ઓ.પી.ડી. ચાલુ કરી દીધી છે. એટલુ જ નહિ ક્લોરીનની ટિકડીઓનું વિતરણ શરૂ કરી દઈ પાણી ઉકાળીને પીવાની લોકોને સૂચનાઓ પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાંથી ૨૦ થી વધુ સર્વેલન્સની ટીમોને આવતીકાલે સવારથી સર્વેલન્સની કામગીરી માટેના આદેશો આપી દીધા છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં ૧૧ દર્દીને સઘન સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT ASTRAL PIPES PRINCE PIPING SYSTEMS Jaquar experience bathing DR. FIXIT Birla White THE WHITEST WHITE CEMENT ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# શહેર-જિલ્લામાં કોરોનાના બે કેસ નોંધાયા

**એકટીવ કેસની સંખ્યા ૪૦થી પણ નીચે**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનો એક એક એમ બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા બે કેસના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેર-જિલ્લામાં એકટીવ કેસની સંખ્યા ૪૦થી પણ નીચે હોવાથી તંત્ર એ થોડીક રાહત અનુભવી છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ગિફ્ટ સીટી વિસ્તારમાંથી આજે એક કેસ ૩૫ વર્ષીય પુરુષનો નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં સે-૧૩માંથી આજે એક પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેર જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્ર એ જણાવ્યું છે કે છુટા છવાયા કેસો જે મળી રહ્યા છે તેમાં ગાંધીનગર બહાર જઈને પરત ફર્યા જોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાની ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા જણાવાયું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com